# Shri Govind Guru University, Godhra
(Established Vide Gujarat Act No. 24/2015)

# શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી, ગોધરા
(ગુજરાત એકટ નં. ૨૪/૨૦૧૫ દ્વારા સ્થાપિત)


નં.એસજીજીયુ/પરીક્ષા/૨૦૨૧/૫૮૫૧ તા. ૦૭/૦૬/૨૦૨૧

## પરિપત્ર-૨૪૨૦

સંદર્ભ : શિક્ષણ વિભાગ, ગુજરાત સરકાર, ગાંધીનગરનો તા.૦૪/૦૬/૨૦૨૧ નો ઠરાવ

શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી સંલગ્ન વિજ્ઞાન, વાણિજ્ય, વિનયન, કાયદા અને શિક્ષણ વિધાશાખાની તમામ કોલેજો/માન્ય અનુસ્નાતક કેન્દ્રો/ભવનોના આચાર્યશ્રીઓ/પી.જી. ઇન્ચાર્જશ્રીઓ/કો-ઓર્ડીનેટરશ્રીઓને જણાવવાનું કે, શિક્ષણ વિભાગ દ્વારા સંદર્ભ દર્શિત ઠરાવથી રાજ્યની શિક્ષણ વિભાગ હેઠળની સરકારી યુનિવર્સિટીઓ માટે શૈક્ષણિક વર્ષ ૨૦૨૧-૨૨ માટે કોમન એકેડેમિક કેલેન્ડર જાહેર કરેલ છે. જેમાં આપેલ સુચના અનુસાર હાલમાં માત્ર ઓનલાઈન શિક્ષણ અને ઓનલાઈન પરીક્ષાનું જ આયોજન કરવા જણાવવામાં આવેલ હોય આપની કોલેજો/માન્ય અનુસ્નાતક કેન્દ્રો/ભવનોમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની આંતરિક પરીક્ષાઓ (લેખિત, પ્રાયોગિક કે વાયવા) તેમજ યુનિવર્સિટી કક્ષાની પ્રાયોગિક પરીક્ષા કે વાયવા માત્ર ઓનલાઈન પધ્ધતિ અનુસાર જ આયોજિત કરવાના રહેશે. આ માટે વિદ્યાર્થીઓને રૂબરૂમાં કોલેજ/માન્ય અનુસ્નાતક કેન્દ્ર/વિભાગ ખાતે બોલાવવા નહી અને જો વિદ્યાર્થીઓને બોલાવવામાં આવશે તો તેની સઘળી જવાબદારી આચાર્યશ્રી/પી.જી. ઇન્ચાર્જશ્રી/કો-ઓર્ડીનેટરની રહેશે. જે ધ્યાને લેવા વિનંતી.

પરીક્ષા નિયામક<br>
શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી,<br>
ગોધરા.

બિડાણ ; સંદર્ભ દર્શિત ઠરાવ

પ્રતિ,

- શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી સંલગ્ન વિજ્ઞાન, વાણિજ્ય, વિનયન, કાયદા અને શિક્ષણ વિધાશાખાની તમામ કોલેજો/માન્ય અનુસ્નાતક કેન્દ્રો/ભવનોના આચાર્યશ્રીઓ/પી.જી. ઇન્ચાર્જશ્રીઓ/કો-ઓર્ડીનેટરશ્રીઓ તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી સારું.

રાજ્યની શિક્ષણ વિભાગ હેઠળની સરકારી યુનિવર્સિટીઓ માટે શૈક્ષણિક વર્ષ ૨૦૨૧-૨૨ માટેનું કોમન એકેડેમિક કેલેન્ડર નિયત કરવા બાબત.

ગુજરાત રાજ્ય
શિક્ષણ વિભાગ
ઠરાવ ક્રમાંકઃ-પરચ/૨૦૧૮/૬૧/ખ-૧
સચિવાલય, ગાંધીનગર
તા.૦૪/૦૬/૨૦૨૧

આમુખઃ-

શિક્ષણ વિભાગ હેઠળની સર્વે સરકારી યુનિવર્સિટીઓ માટે મેડીકલ અને ફાર્મસી સિવાયના અભ્યાસક્રમો માટે વખતો વખત કોમન એકેડેમિક કેલેન્ડર નિયત કરવામાં આવે છે. હાલમાં શૈક્ષણિક વર્ષ ૨૦૨૧-૨૨ માટે પણ કોમન એકેડેમિક કેલેન્ડર નિયત કરવાની બાબત સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી.

ઠરાવઃ-

પુખ્ત વિચારણાને અંતે શૈક્ષણિક વર્ષ ૨૦૨૧-૨૨ માટે પણ શિક્ષણ વિભાગ હેઠળની સર્વે સરકારી યુનિવર્સિટીઓના મેડીકલ અને ફાર્મસી સિવાયના અભ્યાસક્રમો માટે નીચે મુજબનું કોમન એકેડેમિક કેલેન્ડર આથી નિયત કરવામાં આવે છે.

| ક્રમ | વિગત | સમયગાળો (તારીખ) |
|---|---|---|
| ૧. | પ્રથમ સત્ર (UG સેમ-3 અને ૫; ચાર વર્ષના UG પ્રોગ્રામમાં સેમ. ૭ પણ તથા PG સેમ-3)<br><br>પ્રથમ સત્ર (UG/PG સેમ-૧) | તા.૦૭-૦૬-૨૦૨૧થી ઓનલાઈન શિક્ષણકાર્ય શરૂ કરવું.<br><br>હવે પછીથી જાહેર કરવામાં આવશે. |
| ૨ | દિવાળી વેકેશન | તા.૦૧-૧૧-૨૦૨૧ થી તા.૧૩-૧૧-૨૦૨૧ (Proposed) |
| 3 | યુનિ. વિભાગ/કોલેજોનું આંતરિક મુલ્યાંકન | વિક્લી ટેસ્ટ/પ્રોજેક્ટ વર્ક/ગૃપ ડિસ્કશન વગેરેથી પ્રથમ સત્રના અંત પહેલા |
| ૪ | દ્વિતીય સત્ર (UG સેમ. ૪ અને ૬ તથા PG સેમ.૪) | તા.૦૧-૧૨-૨૦૨૧ સુધીમાં શરૂ કરવું |
| ૫ | યુનિ. વિભાગ/કોલેજોનું દ્વિતીય સત્ર આંતરિક મુલ્યાંકન | વિક્લી ટેસ્ટ/પ્રોજેક્ટ વર્ક/ગૃપ ડિસ્કશન વગેરેથી ફેબ્રુઆરી/માર્ચ ૨૦૨૨ સુધીમાં |
| ૬ | નવું શૈક્ષણિક સત્ર ૨૦૨૨-૨૩ | તા.૧૫-૦૬-૨૦૨૨થી શરૂ કરવું |

૩. વધુમાં હાલમાં દરેક યુનિવર્સિટીઓ ઓનલાઇન શિક્ષણ અને ઓનલાઈન પરીક્ષા જ લઈ શકશે. રાજ્ય સરકાર તરફથી સુચનાઓ મળ્યા બાદ જ ઓફલાઇન પરીક્ષા અને ભૌતિક વર્ગખંડ શિક્ષણ ચાલું કરવાનું રહેશે.

૪. હાલ ધોરણ-૧૨નું પરિણામ બાકી હોઈ પ્રથમ સેમેસ્ટર માટેની તારીખ હવે પછી જણાવવામાં આવશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(મનોજ વાઘ)
નાયબ સચિવ
શિક્ષણ વિભાગ

પ્રતિ,

-નામદાર રાજ્યપાલશ્રીના સચિવશ્રી, ગાંધીનગર.(અલાયદા પત્ર દ્વારા)
-માન.મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
-માન.નાયબ મુખ્યમંત્રીશ્રી અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
-માન.મંત્રીશ્રી (શિ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
-માન.રા.ક.મંત્રીશ્રી (ઉ.શિ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
-અગ્રસચિવશ્રી (શિ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
-નિયામકશ્રી, ઉચ્ચ શિક્ષણ, ડો. જીવરાજ મહેતા ભવન, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
-નિયામકશ્રી, ટેકનિકલ શિક્ષણ, કર્મયોગી ભવન, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
-કુલસચિવશ્રી, સંબંધિત સર્વે યુનિવર્સિટીઓ અને સંબંધિત સર્વે સરકારી કોલેજો (મારફત ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર./મારફત ટેકનિકલ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી, કર્મયોગી ભવન, ગુજરાત રાજ્ય, ગાંધીનગર)
-એડવાઇઝરશ્રી, કે.સી.જી. કચેરી, પ્રજ્ઞાપુરમ, એલ.ડી.ઇજનેરી કોલેજની બાજુમાં, નવરંગપુરા, અમદાવાદ
-નાયબ સેક્શન અધિકારી સિલેક્ટ ફાઇલ
-શાખા સિલેક્ટ ફાઇલ.